### આજે ઓઝોન દિવસ

# શહેરમાં ત્રણ સ્થળોએ ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

૧૬ સપ્ટેમ્બર ઓઝોન દિન તરીકે ઉજવાય છે. વાતાવરણમાં પૃથ્વીથી ૧૫ થી ૫૦ કિ.મી.ના અંતરે આવેલ ઓઝોન પડમાં કેટલાક ODS રસાયણો ના કારણે પડતા ગાબડાથી પર્યાવરણને હાની થાય છે. તે અંગે જાગૃતિ કેળવવા વિવિધ સંસ્થાઓ દ્વારા ઓઝોન દિનની ઉજવણી થાય છે.

"ઓઝોન પડનો ઘા બત્રીસ વર્ષે રૂઝાઈ રહ્યો છે" આ વિષય પર શહેરમાં ત્રણ સ્થળોએ ઉજવણીનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર અને ગુજકોસ્ટ ગાંધીનગરના ઉપક્રમે સવારે ૯:૦૦ કલાકે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના સહયોગથી જે. એમ. પી. ગોપાલક વિદ્યા સંકુલ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે કલાયમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર અને ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા)ના ઉપક્રમે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે તથા ગાંધીનગર મહાનગર પાલિકાના ઉપક્રમે શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે બપોરે ૧૨:૩૦ કલાકે કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પ્લાસ્ટીક કચરાના વ્યવસ્થાપન અંગે વિશેષ માહિતી આપવામાં આવશે. આ તમામ સંસ્થાના અગ્રણીઓ અને મહાનુભાવો કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે.

# શ્રીમતી આર જી પટેલ સ્કૂલમાં સફાઈ કાર્ય



ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર ખાતે સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી અંતર્ગત એનએસએસ, એનસીસી, સ્કાઉટ ગાઈડ, ઈકો ક્લબના સ્વયંસેવકો દ્વારા સ્ટાફ રૂમ, આચાર્ય, સુપરવાઈઝર ઓફિસ, કાર્યાલયની સફાઈ કરવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

બહુ શોધ્યો એને
પૂજા, શ્લોક ને સ્તુતિમાં
અંતે ઈશ્વર મળ્યો
પ્રેમ, સેવા ને સહાનુભૂતિમાં

## જન્મદિને વધામણી



**નરેન્દ્રભાઈ એલ મંડિર**
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ



**ઓમ કાર્તિક પટેલ**
મો. ૯૪૨૮૭ ૩૪૪૪૮



**દિપ સંજયભાઈ પટણી**
મો. ૯૯૦૯૭ ૧૭૮૨૧

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આઈઆઈટી ખાતે હિન્દી દિવસની ઉજવણી



ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી, ગાંધીનગર ખાતે હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે હિન્દી કાવ્યપઠન, નાટક અને વક્તવ્યોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ ઉપરાંત ફેકલ્ટીઝે પણ ભાગ લીધો હતો. મહાભારત, જીવન, પ્રેમ, બાળપણ, માતા, એકતા, ઐતિહાસિક તવારીખ, ચંદ્રયાન-૨ અને મુન્શી પ્રેમચંદ જેવા વિષયો આ કૃતિઓમાં જોવા મળ્યા હતા.



જેએમપી ગોપાલક વિદ્યાસંકુલના વિદ્યાર્થીઓએ અંધ ધ્વજદિન નિમિત્તે મોટી સંખ્યામાં ફાળો એકત્ર કરીને અંધ શાળાને સોંપ્યો હતો.

### ખેલ મહાકુંભ અંતર્ગત ગાંધીનગર ગ્રામ્ય-શહેરી વિસ્તારની સ્વિમિંગ સ્પર્ધા યોજાઈ

# ૧૬૦ સ્વિમર્સે પોતાનું કૌવત દાખવ્યું



## ૬૦ સ્વિમર્સે જીત મેળવી જે હવે રાજ્યકક્ષાએ ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરશે

ખેલ મહાકુંભના નેજા હેઠળ ગાંધીનગર ગ્રામીણ, શહેરી વિસ્તારનાં બાળકો અને પ્રૌઢ વ્યક્તિઓ માટે સ્વિમિંગ હરિફાઈનું આયોજન સેક્ટર-૧૯ સ્વિમિંગ પુલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ખેલ મહાકુંભમાં ઉત્તરોત્તર ખેલાડીઓનો વધારો થતો જાય છે. આ વર્ષે ૧૬૦ જેટલા સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ૬૦ જેટલા સ્પર્ધકોએ જીત મેળવી હતી અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા.

# એસ કે પટેલ સ્કૂલમાં ગણેશજીની આરતી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ સ્કૂલમાં ગણેશ આરતી કરાઈ હતી, જેમાં શિક્ષિકાઓએ ઝાડ ઉપર ગણેશ દોર્યા હતા. બાળકોએ અને શિક્ષિકાઓએ સાથે મળીને ગણેશ આરતી કરી હતી. બાળકોને સેવ ટ્રી સેવ એન્વાયર્નમેન્ટની માહિતી આપવામાં આવી હતી. સ્કૂલના પ્રિન્સિપાલ દિપાલી જોશીએ બાળકો સાથે મળીને આરતી કરી હતી. 'ગણપતિબાપા મોરિયા'ના નાદથી આખું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

# ચાલો, સૌ સાથે મળીને ઓઝોનપડના ઘા રૂઝવીએ

**પ્રસંગસર**
**નરેશ ઠાકર**

પૃથ્વીની સપાટી ફરતે આકાશ તરફ આશરે ૨૦થી ૩૦ કિલોમીટરના સ્ટ્રેટોસ્ફિયર આવરણમાં ઓઝોન વાયુનું ઘનઘોર આવરણ છે. સૂર્યમાંથી હાનિકારક યુવી-અલ્ટ્રાવાયોલેટ કિરણો નીકળે છે. જે પૈકી, યુવી-બી પ્રકારના અલ્ટ્રાવાયોલેટ કિરણોના સીધા સંપર્કથી ચામડી પર બળતરા સાથે હાનિ થાય છે. આવા કિરણોના લાંબા સમય સુધી સંસર્ગથી અનેક પ્રાણીઓ, વનસ્પતિ અને સુક્ષ્મ જીવસૃષ્ટિને ગંભીર અસરો થઈ શકે છે. સૂર્યમાંથી આવતા હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણો સામે ઓઝોન વાયુનું આવરણ ઢાલ બનીને જીવસૃષ્ટિનું રક્ષણ કરે છે. ઓક્સિજનના ત્રણ અણુથી બનેલા ઓઝોન પરમાણુઓ યુવી-બી પ્રકારના હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણો શોષીને પૃથ્વીની સપાટી સુધી પહોંચતા અટકાવે છે.

યુએન- યુનાઈટેડ નેશન્સની મળેલ સામાન્ય સભામાં વર્ષ ૧૯૯૫થી ૧૬મી સપ્ટેમ્બરના દિનને 'આંતરરાષ્ટ્રીય ઓઝોનપડ જાળવણી દિન' તરીકે ઉજવવાની ઘોષણા કરેલ છે. વર્તમાન વર્ષ ૨૦૧૯ના 'વિશ્વ ઓઝોનદિન'નું થીમ અંગ્રેજીમાં – '૩૨ ઇયર્સ એન્ડ હિલીંગ્સ' જાહેર કરેલ છે, જેને વ્યાપક અર્થમાં 'ઓઝોનપડનો ઘા બત્રીસ વર્ષે રૂઝી રહ્યો છે' તેવું કહી શકાય. વિતેલા ત્રણ દાયકામાં ઓઝોનપડ તેમજ કલાયમેટ બચાવવા સાંપડેલા આંતરરાષ્ટ્રિય નોંધપાત્ર સહકારનો આ થીમમાં નિર્દેશ કર્યો છે. આ થીમ લોકો તેમજ પૃથ્વીના સુસ્વાસ્થ્યની કાળજી લેવાની યાદ આપે છે. વર્ષ ૨૦૧૮માં તૈયાર થયેલ 'સાયન્ટિફિક એસેસમેન્ટ ઓફ ઓઝોન ડિપ્લિસન' અહેવાલ મુજબ ઓઝોનપડની જાળવણીના પ્રયાસો પણ વધારામાં કલાયમેટ ચેન્જના પડકાર સામે ટેકારૂપ બનેલ છે. આ પગલાંઓને કારણે વર્ષ ૧૯૯૦થી ૨૦૧૦ દરમિયાન અંદાજિત ૧૩૫ બિલીયન ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન ખાળી શકાયું છે.

ઓઝોનપડ ક્ષીણ થવાથી આપણને થતી માઠી અસરો સામે સુરક્ષિત રહેવાના ઉપાયો

- સૂર્યના તડકામાં વધુ વખત રહેવાનું ટાળવું. સૂરજના તડકામાં માથે પહોળા પટ્ટાવાળી હેટ અને શરીર ઢંકાય તેવા કપડા પહેરવા તેમજ સનસ્ક્રિન લગાડવું.
- ચોક્કસ સ્થળ અને સમયે અલ્ટ્રાવાયોલેટ ઉત્સર્જનના કારણે ચામડીની બળતરાને માપવાના આંતરરાષ્ટ્રીય ધોરણો અલ્ટ્રાવાયોલેટ ઈન્ડેક્ષ કહે છે. અલ્ટ્રાવાયોલેટ ઈન્ડેક્ષની જાણકારી રાખવી જોઈએ.
- અલ્ટ્રાવાયોલેટ કિરણોનો અહેસાસ જાણવાના સરળ રસ્તો. જો આપણો પડછાયો ટૂંકો હોય અર્થાત્ મધ્યાહ્ન આસપાસ ટાણે, આપણે અલ્ટ્રાવાયોલેટ કિરણોના તીવ્ર સ્તરનો સામનો કરીએ છીએ. આવા વખતે છાંયડો શોધી ચામડી અને આંખોનું રક્ષણ કરીએ.
- આપણા ઉપકરણોની કાળજી લઈને ઓઝોનપડ પર પ્રભાવ ઓછામા ઓછો કરીએ.
- રેફ્રિજરેટર્સ, એર-કન્ડિશનર્સ અને અન્ય સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરી ઓઝોનપડના રક્ષણ અને કલાયમેટ ચેન્જની માવજત માટે સહયોગ કરીએ.
- રેફ્રિજન્ટવાળા બિન-વપરાશના ઉપકરણો અને સાધનોનો યોગ્ય નિકાલ કરવાની જવાબદારી નિભાવો. આવા સાધનોમાંથી અન્ય ભાગોને રિસાયકલ્ડ કરતા પહેલા, રેફ્રિજન્ટને પદ્ધતિસર અલગ કરી લેવા માટે માન્ય લાયકાત ધરાવતા તજજ્ઞને જ સુપરત કરો.
- કાર, રેફ્રિજરેટર અને એર-કન્ડિશનરમાંથી રેફ્રિજન્ટનું લિકેજ ચેક કરાવો. રેફ્રિજન્ટનું રિફિલ કરાવતા પહેલાં લિકેજ થતા યુનિટની મરામત કરાવો.
- લાયકાતવાળા કુશળ માન્ય તજજ્ઞો પાસે જ રેફ્રિજન્ટવાળા સાધનોની સર્વિસ કરાવો. આવા સાધનોના રેફ્રિજન્ટ ગેસનું રિસાયકલ્ડ થાય તેની ખાતરી કરો.
- ઘરની દીવાલો, બારણા અને બારીઓની ઊર્જા કાર્યદક્ષતા વધારવા તેમને યોગ્યરીતે ઈન્સ્યૂલેટ-ઊષ્મા અવાહક બનાવો. આથી એર-કન્ડિશનર્સ જેવા ઉપકરણો વધુ સમય સુધી કાર્યક્ષમ રહેશે.
- રેફ્રિજરેટરના પાછળના ભાગે હવા સરળતાથી સર્ક્યૂલેટ થાય તેમ ગોઠવો, અને રેફ્રિજરેટર ફ્રિજરને ઓવન કે ડિશવૉશર પાસે મૂકવું નહીં.
- રેફ્રિજરેટરની પાછળના ભાગે આવેલ કન્ડેન્શનરને નિયમિત સ્વચ્છ કરવું. વળી, ફ્રિજરમાં થીજી જતા બરફનો નિયમિત નિકાલ કરવો.
- રેફ્રિજરેટર અને ફ્રિજરના થર્મોસ્ટેટને યોગ્ય તાપમાને ગોઠવો. ઉપકરણનું તાપમાન ખૂબ નીચું રાખવાનું ટાળો. ઉપયોગમાં ન હોય ત્યારે તેની વિદ્યુત સ્વિચ બંધ રાખો.
- ફ્રિજરમાં માત્ર જરૂરી ચીજ-વસ્તુઓ જ મૂકો. મહિનાઓ સુધી ન વપરાતા પદાર્થોને દૂર કરો. ફ્રિજરમાંથી ફ્રોજન ફૂડનો ઉપયોગ કરતા પહેલાં રેફ્રિજરેટરમાં પિગળવા શિફ્ટ કરો.
- એર-કન્ડિશનરના કન્ડેન્શનરને મકાનની બહાર છાંયડા હેઠળ ગોઠવો. સુરજનો પ્રકાશ વધારે પડતો હોય ત્યારે બ્લાઈન્ડ્સ- પ્રકાશ અવરોધક વાપરો. સૂરજના સીધા તડકાથી આવા સાધનો ગરમ ન થાય તેમ સુરક્ષિત રાખવા જરૂરી છે. કન્ડેન્શનર અને ઈવેપોરેટરને નિયમિત સાફ કરો.
- રૂમ્સને રાત્રિકાળે વેન્ટિલેશન મારફતે વાતાવરણના તાપમાને રાખો. રાત્રે શક્યતઃ એર-કન્ડિશનરનો ઉપયોગ ટાળો. એર-કન્ડિશનરના થર્મોસ્ટેટનું તાપમાન ઊંચું રાખવાથી ઊર્જાની ખૂબ બચત થાય.
- કારની બારીઓ શરૂઆતમાં ખુલ્લી રાખીને ડ્રાઈવ કરો. ત્યારબાદ, કારનું એર-કન્ડિશનર ચાલુ કરો. શક્ય હોય ત્યાં, કારને છાંયડામાં પાર્ક કરો.

ચાલો, સૌ સાથે મળીને ઓઝોનપડના ઘા રૂઝવવાની કામગીરી આગળ ધપાવીએ.




## પુણ્યસ્મરણ અને પ્રાયશ્ચિત

**150 ગાંધીયાત્રા**

આ પ્રકરણ લખતાં એવો પ્રસંગ આવ્યો છે કે સત્યના પ્રયોગોની આ કથા કેવી રીતે લખાઈ રહી છે તે મારે વાંચનારને જણાવવું જોઈએ.

જ્યારે કથા લખવાનો આરંભ કર્યો ત્યારે મારી પાસે કશી યોજના તૈયાર નહોતી. મારી પાસે કંઈ પુસ્તકો, રોજનીશી કે બીજાં કાગળિયાં રાખીને હું આ પ્રકરણો નથી લખતો. લખવાને દિવસે જેમ મને અંતર્યામી દોરે છે તેમ લખું છું એમ કહી શકાય. જે ક્રિયા મારામાં ચાલે છે તે અંતર્યામીની છે એમ કહી શકાય કે નહીં એ હું નિશ્ચયપૂર્વક નથી જાણતો. પણ ઘણાં વર્ષોથી જે પ્રમાણે મેં મારાં મોટામાં મોટાં કહેવાય છે તે અને નાનામાં નાનાં ગણાય તે કાર્યો કર્યા છે, તે તપાસતાં તે અંતર્યામીનાં પ્રેરાયેલાં થયાં છે એમ કહેવું મને અઘટિત નથી લાગ્યું.

અંતર્યામીને મેં જોયો નથી, જાણ્યો નથી. જગતની ઈશ્વર વિષેની શ્રદ્ધાને મેં મારી કરી લીધી છે. એ શ્રદ્ધા કોઈ રીતે ભૂંસી શકાય એવી નથી, તેથી તેને શ્રદ્ધારૂપે ઓળખતો મટી અનુભવરૂપે જ હું ઓળખું છું. છતાં એને એમ અનુભવરૂપે ઓળખાવવી એ પણ સત્ય ઉપર એક પ્રકારનો પ્રહાર છે, તેથી તેને શુદ્ધરૂપે ઓળખાવનારો શબ્દ મારી પાસે નથી એમ કહેવું એ જ કદાચ વધારે યોગ્ય હોય. (ક્રમશઃ)



સૌજન્ય : સત્યના પ્રયોગો